# ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ

બોર્ડ નિગમ વિસ્તાર સેક્ટર-૧૦/એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦
ફોન નંબર-૨૩૨૫૦૨૯૬-૨૩૨૫૦૩૩૨-૨૩૨૫૦૨૯૪
ફેક્સ : (૦૭૯)૨૩૨૫૦૨૮૦
E-Mail : gmfb1@yahoo.co.in Web : www.gmfb.in


ISO 9001 : 2000

ક્રમાંક-મફબ/અકડ/મનપા ઓક્ટ્રોય/ ઓગષ્ટ /-૨૦૧૦/ ૯૯૫૦૩ તા. 10 AUG 2010

વંચાણે લીધું :-

૧. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરનો તા.૧૨-૯-૦૭ ના જાહેર નામા ક્રમાંક- કેવી-૨૪૫ ઓફ ૨૦૦૭ – જેકેટી – ૮૨૦૦૭ – ૧૯૬૩ - પી

૨. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરનો તા.૧૯-૫-૦૪ ના પરિપત્ર ક્રમાંક-પરચ/ ૧૦૨૦૦૪/૬૪૪-બ તેમજ યાદી ક્રમાંક : બજટ ૧૦૨૦૦૪-૮૦(૨) – બ

૩. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,ગાંધીનગરનો તા.૧૪-૧૧-૦૭ નો ઠરાવ ક્રમાંક-બીજીટી/ ૮૦૨૦૦૭ /૩૯૪૦/પી.

૪. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તા.૨૮-૧૧-૦૭નો સુધારા ઠરાવ ક્રમાંક-બીજીટી/ ૮૦૨૦૦૭/ ૩૯૪૦ /પી.

૫. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગરનો તા. ૫-૮-૧૦ નો ઠરાવ ક્રમાંક-બજટ/૧૦૨૦૧૦/૧૨૯૬/બ

## દફતરી હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૨-૯-૦૭ ના જાહેરનામા ક્રમાંક-કેવી--૨૪૫ ઓફ ૨૦૦૭-જેકેટી-૮૨૦૦૭-૧૯૬૩-પી. હેઠળના જાહેરનામાથી સરકારશ્રી દ્વારા રાજ્યની ૭ મહાનગરપાલિકાઓમાંથી તા.૧૫-૧૧-૦૭ થી ઓક્ટ્રોય નાબૂદ કરવાનો નિર્ણય લેવામાં આવેલ છે. ઓક્ટ્રોય નાબૂદ થતાં ૭ મહાનગરપાલિકાઓને તેના વળતર પેટે એડહોક રકમ તરીકે ચૂકવણી કરવાની રહે છે. ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ - ૪ ના તા.૨૮-૧૧-૦૭ના સુધારા ઠરાવથી ૭ મહાનગરપાલિકાઓને રકમની ફાળવણીના ધોરણો ઉકત સુધારા ઠરાવના કોષ્ટકમાં દર્શાવ્યા મુજબ નક્કી કરવામાં આવેલ અને તે મુજબ ૭ મહાનગરપાલિકાઓને મળવાપાત્ર રકમ નક્કી કરેલ છે. જે ધોરણો મુજબ ઓગષ્ટ -૨૦૧૦ ના માસ માટે રૂા. ૧૫૦/- કરોડ મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાનની રકમ ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ - ૫ ના ઠરાવથી ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના હવાલે મૂકેલ છે.

ઉપર્યુક્ત વંચાણે લીધેલ ક્રમ-૫ ના ઠરાવના ફકરા ક્રમ-(૨) માં દર્શાવેલ વિગતે ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના હવાલે મૂકવામાં આવેલ રૂા.૧૫૦/- કરોડની વિકાસના કામો માટેની પ્રોત્સાહક અનુદાનની ફાળવણી નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ ૭ મહાનગરપાલિકાઓ વચ્ચે કરવા સરકારશ્રી દ્વારા ઠરાવવામાં આવેલ છે.

| ક્રમ | મહાનગરપાલિકાનું નામ | ઓગષ્ટ-૧૦ માસ માટે મળવાપાંત્ર રકમ રૂા. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | અમદાવાદ | ૬૭,૯૫,૦૦,૦૦૦ |
| ૨ | સુરત | ૪૬,૯૫,૦૦,૦૦૦ |
| ૩ | વડોદરા | ૨૦,૮૯,૫૦,૦૦૦ |
| ૪ | રાજકોટ | ૮,૩૫,૫૦,૦૦૦ |
| ૫ | જામનગર | ૨,૧૯,૦૦,૦૦૦ |
| ૬ | ભાવનગર | ૨,૨૯,૫૦,૦૦૦ |
| ૭ | જૂનાગઢ | ૧,૩૬,૫૦,૦૦૦ |
| | કુલ | ૧,૫૦,૦૦,૦૦,૦૦૦ |

ઉપર પ્રમાણે ૭ મહાનગરપાલિકાઓને ઓક્ટ્રોય વળતર પેટે ચૂકવવાની કુલ રકમ રૂા.૧૫૦/- કરોડ (અંકે રૂપિયા એકસો પચાસ કરોડ પુરા)પૈકી દરેક મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમ કમિશનરશ્રી, સંબંધિત મહાનગરપાલિકાને ચુકવવા આથી મંજુરી આપવામાં આવે છે

આ અંગેનો ખર્ચ ઉપરોક્ત વંચાણે લીધેલ ક્રમ-૫ ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધિન મહાનગરપાલિકાઓને વિકાસના કામો માટે પ્રોત્સાહક અનુદાન યોજના હેઠળ અત્રેના બોર્ડને હવાલે મૂકેલ વર્ષ ૨૦૧૦-૧૧ની ગ્રાંટની રકમ રૂા.૧૫૦/- કરોડમાંથી ઉધારવાનો રહેશે.

(સહી) ૧૦/૦૮/૧૦

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ
ગાંધીનગર

પ્રતિ,
મ્યુનિસિપલ કમિશનરશ્રી,
અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, જામનગર, ભાવનગર અને જૂનાગઢ મહાનગરપાલિકાઓ.

<u>નકલ સવિનય રવાના :-</u>

૧. નાયબ સચિવશ્રી (શ.વિ), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
૨. નાયબ સચિવશ્રી(બજેટ), શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૩. ઉપસચિવશ્રી નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર
૪. અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું કાર્યાલય તરફ જાણ સારૂ
૫. સેકશન અધિકારીશ્રી(પી-શાખા), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૬. સેકશન અધિકારીશ્રી(બજેટ), શ.વિ.અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
૭. કલેકટરશ્રી, અમદાવાદ,સુરત,વડોદરા,રાજકોટ,ભાવનગર,જામનગર અને જૂનાગઢ જીલ્લા.
૮. એ.જી. અમદાવાદ/રાજકોટ
૯. સહાય નિરીક્ષકશ્રી સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, અમદાવાદ,સુરત,વડોદરા,રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ જીલ્લા.
૧૦. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
૧૧. જીલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર
૧૨. મદદનીશ નિયામકશ્રી(હિસાબ),ગુ.મ્યુ.ફા.બોર્ડ,ગાંધીનગર તરફ ઉપર હુકમમાં દર્શાવ્યા પ્રમાણે કુલ રૂા.૧૫૦,૦૦,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા એકસો પચાસ કરોડ પુરા)ની રકમ પૈકી મહાનગરપાલિકાના નામ સામે દર્શાવેલ રકમની ચૂકવણી કમિશનરશ્રી સંબંધીત મહાનગરપાલિકાને કરવાની કાર્યવાહી સારૂ.
૧૩. સીલેકટ ફાઈલ.